**Extra No. 291**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]** **FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી જુલાઇ, ૨૦૨૫-ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૪૨/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Provincial Municipal Corporations Act, 1949**

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૨૫

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.**

**ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૪૨/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શનઃ-** ગુજરાત સરકાર, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ન ના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીવી-૨૦૨૫નો ૧૯-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૫૭/પી. સેકશન-થી, સદરહુ જાહેરનામા-૧ની અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ નગરપાલિકાના વિસ્તારને તેમજ લગોલગની ગ્રામ પંચાયતોને, સુરેન્દ્રનગર શહેરના મોટા શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરી છે;

અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૫૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૫-ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, અનુચ્છેદ ૨૪૩-ન થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૦-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૫૭/પી. સેકશન (જેનો આમાં હવે પછી, 'સદરહુ જાહેરનામા-૨' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અને તે તારીખથી સુરેન્દ્રનગર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, સદરહુ જાહેરનામા-૨ હેઠળ જે તારીખે અને જે તારીખથી સુરેન્દ્રનગર શહેરમાં સદરહુ અધિનિયમની બાકીની જોગવાઈઓ, અમલમાં આવશે તે તારીખ તરીકે ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ નિર્દિષ્ટ કરી છે;

અને ગુજરાત સરકારે, સદરહુ અધિનિયમની કલમ ૪૯૩ હેઠળ પરિશિષ્ટ ૪ના ભાગ ૪ના પરિચ્છેદ ૨૨ અને ૨૨ ખ-થી મળેલી સત્તાની રૂએ, સદરહુ જાહેરનામા-૨ હેઠળ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ થી શરૂ થતી એક વર્ષની મુદત માટે અથવા સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલર ચૂંટવામાં આવે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય તાં સુધી, સદરહુ કોર્પોરેશનના વહીવટદારની નિમણૂક કરી હતી;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વસતીના આંકડા અનુસાર તેમજ સદરહુ અધિનિયમની કલમ ૫-ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

અને સુરેન્દ્રનગર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજાવાની છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૫ ની પેટા-કલમો (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતા, કલમ ૫ ની પેટા-કલમ (૩) ના ખંડ (૩)ના પેટા-ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સુરેન્દ્રનગર શહેરને લાગેવળગે છે ત્યાં સુધી, વોર્ડ અને બેઠકોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરે છે:-

૧) સુરેન્દ્રનગર શહેરના વિસ્તારો, તેર (૧૩) વોર્ડમાં વિભાજિત થશે અને સુરેન્દ્રનગર શહેરનું મ્યુનિસિપલ કોર્પોરેશન, બાવન (૫૨) કાઉન્સિલરનું બનશે;

૨) (કાઉન્સિલરની) બાવન (૫૨) બેઠકોમાંથી,-

(૧) પાંચ (૫) બેઠકો, અનુસૂચિત જાતિની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી બે (૨) બેઠકો, અનુસૂચિત જાતિની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) ચૌદ (૧૪) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી સાત (૭) બેઠકો, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) છવ્વીસ (૨૬) બેઠકો, સ્ત્રીઓ (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કોમલ ભટ્ટ,**

સરકારના સંયુક્ત સચિવ.

---

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.05 22:24:40 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar